# એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ટેકનીકલ)

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી ચલાવતી સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ-૨૦૧૯)

શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦ ની ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટેની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૨૦-૦૮-૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો / સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચૂકવણી) નિયમ ૨૦૦૮ ના નિયમ-૧૯ મુજબ "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચનાલયનાં તાબા હેઠળની ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી અને અનુદાનિત, તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૨ બાદ 'નોન-રિપોર્ટીંગ', 'નોન-એલોટમેન્ટ' તેમજ પ્રવેશ રદ્દને કારણે ખાલી રહેલી બેઠકાની પ્રવેશ કાર્યવાહી એસીપીસી, અમદાવાદ ખાતે હાથ ધરવામાં આવશે. પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ વર્ષ-૨૦૧૯ ના મેરીટ સમાવિષ્ટ **તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે.** આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ **www.gujacpc.nic.in** ઉપર પોતાના લોગઈન આઈડી (Login ID) ની મદદથી પ્રવેશ સમિતિએ નિયત કરેલ સમયમર્યાદામાં ઓનલાઈન સંમતિ (Consent) Reshuffling પર ક્લીક કરીને આપવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન સંમતિ આપ્યા બાદ રજીસ્ટ્રેશન ડિટેઈલમા જઈને રજિસ્ટ્રેશન ડીટેઈલની પ્રિન્ટ આઉટ લેવાની રહેશે. આ બેઠકો માટે પ્રવેશ ઉચ્છુક ઉમેદવારોએ રજિસ્ટ્રેશન ડીટેઈલની પ્રિન્ટ આઉટ સાથે **રૂબરૂમાં પ્રવેશ સમિતિ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે સ્વખર્ચે અચૂક હાજર થવાનું રહેશે અન્યથા પ્રવેશ બાબતનો હક દાવો રહેશે નહી.** આ રાઉન્ડમાં સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. કાઉન્સેલીંગમાં વિદ્યાર્થીએ પોતે ફરજીયાત હાજર રહેવાનું રહેશે.

વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુસાંગીક સરકારી, અનુદાનીત, સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી જે તે દિવસના અંતે પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ ઓફ લાઈન પ્રવેશ માટે પ્રવેશ સમિતિ ખાતે હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે. **ઓફ લાઈન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.**

| No. | Activities | Date |
|---|---|---|
| 1 | Online Admission Closed by ACPC | 20-08-2019 |
| 2 | Display of vacancy after Round-2 | 21-08-2019 |
| 3 | Online Consent for participating for this programme.(www.gujacpc.nic.in) | 26-08-2019 to 27-08-2019 |

### ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયાનો રૂબરૂ પ્રવેશનો કાર્યક્રમ

| નં. | તારીખ | સમય | મેરીટ ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ૩૦-૦૮-૨૦૧૯ | સવારે ૦૯:૩૦ | ૦૧ થી ૨૦૦૦ |
| ૨ | ૩૦-૦૮-૨૦૧૯ | બપોરે ૧૨:૩૦ | ૨૦૦૧ થી ૪૫૦૦ |
| ૩ | ૩૦-૦૮-૨૦૧૯ | બપોરે ૦૩:૩૦ | ૪૫૦૧ થી ૭૦૦૦ |
| ૪ | ૩૧-૦૮-૨૦૧૯ | સવારે ૦૯:૩૦ | ૭૦૦૧ થી ૯૫૦૦ |
| ૫ | ૩૧-૦૮-૨૦૧૯ | બપોરે ૧૨:૩૦ | ૯૫૦૧ થી ૧૨૫૦૦ |
| ૬ | ૩૧-૦૮-૨૦૧૯ | બપોરે ૦૩:૩૦ | ૧૨૫૦૧ થી ૧૫૩૭૧ |

**નોંધ : ઉમેદવારોએ સ્વયંમ તેઓને ફાળવેલ સમયના ૩૦ મીનીટ પહેલા અચુક હાજર થવાનું રહેશે.**

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૨૨-૦૮-૨૦૧૯** **– મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**